GJSR100000232025

| | |
|---|---|
| દાખલ તારીખ | ૦૯/૦૧/૨૦૨૫ |
| રજીસ્ટ્રેશન તારીખ | ૦૯/૦૧/૨૦૨૫ |
| ચુકાદાની તારીખ | ૦૯/૦૩/૨૦૨૬ |
| અવધિ | વર્ષ માસ દિન |
| | ૦૧ ૦૨ ૦૧ |

**ફોજદારી કેસ નં. :– ૨૨/૨૦૨૫**
**ચુકાદો આંક :–**

**:: નમૂના – અ ::**

## ઉમરપાડાના પ્રિન્સીપાલ સિવિલ જજ તથા જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ઉમરપાડા, જિ.સુરત.

### :: ગુનાની વિગત ::

| | | |
|---|---|---|
| ગુનાની કલમ | ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨)(૩), ૫૪ | |
| પ્રથમ માહિતી અહેવાલ સંખ્યા | ગુ.રજી.નં.૧૧૨૧૪૦૦૨૨૪૦૩૪૭/૨૦૨૪ | |
| પોલીસ સ્ટેશન | ઉમરપાડા પોલીસ સ્ટેશન, જિ.સુરત | |
| ફરિયાદી પક્ષ | શ્રી સરકાર | |
| રજૂઆત | ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એસ. જે. વસાવા. | |
| આરોપી પક્ષ | ૦૧ | રાહુલભાઈ ચંદ્રસિંગભાઈ વસાવા<br>રહે. ઝરપણ ગામ, આંબલી ફળિયું, તા.ઉમરપાડા, જિ.સુરત |
| | ૦૨ | ચંદ્રસિંગભાઈ રૂપજીભાઈ વસાવા<br>રહે. ઝરપણ ગામ, આંબલી ફળિયું, તા.ઉમરપાડા, જિ.સુરત |
| રજૂઆત | બચાવપક્ષના વિ.વકીલશ્રી એસ.આર.વસાવા. | |

**:: નમૂના – બ ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૮/૦૮/૨૦૨૪ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૧૯/૦૮/૨૦૨૪ |
| આખરી અહેવાલની તારીખ | ૦૯/૦૧/૨૦૨૫ |
| તહોમતનામા / પ્લીની તારીખ | ૧૨/૦૨/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૧/૦૩/૨૦૨૫ |

| | |
|---|---|
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૦૯/૦૩/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૯/૦૩/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | --- |

**:: આરોપીની વિગત ::**

| અ નુ. | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન મુક્તિ તારીખ | તહોમત | નિર્દોષ છોડ્યુ / સજા કરી | કરવા માં આવે લ સજા | સુનાવણી દરમિયાન અટકાયત નો સમય ગાળો ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ -૪૬૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | રાહુલભાઈ ચંદ્રસિંગભાઈ વસાવા | ૦૭/ ૧૦/ ૨૦૨૪ | ૦૮/ ૧૦/ ૨૦૨૪ | ભારતીય ન્યાય સંહિતાની કલમ - ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧ (૨)(૩), ૫૪ | નિર્દોષ | - | - |
| ૦૨ | ચંદ્રસિંગભાઈ રૂપજીભાઈ વસાવા | ૦૧/ ૦૯/ ૨૦૨૪ | ૦૫/ ૦૯/ ૨૦૨૪ | | | | |

**:: જજમેન્ટ ::**

**ફરીયાદ હકીકતનુ ટુંકમાં વર્ણન:-**

(૧) ફરિયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, તા.૧૮/૦૮/૨૦૨૪ ના રોજ કલાક ૦૮:૦૦ વાગેના સુમારે મોજે ઝરપણ ગામે ઉમરા ફળિયા ફરિયાદીના ઘરના પાછળ આવેલ વાડામાં આ કામના આરોપીઓ આવી ફરિયાદીને જણાવેલ કે ઉમરઝર ગામમાં આવેલી જમીનમાં અમારો પણ હિસ્સો છે તો અમોને પુછયા વગર તમો કેમ માટીનુ વેચાણ કરો છો તેમ કહેતા આરોપી રાહુલભાઈ એકદમ ઉશ્કેરાઈ ગયેલ અને ફરિયાદીને ગાલ ઉપર તથા પીઠના ભાગે ઢીકમુકકીનો માર મારવા લાગેલ અને આરોપીઓ નાલાયક ગાળો આપવા લાગેલ અને હવે પછી જો જમીનમા ભાગ માગશો તો જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨)(૩), ૫૪ મુજબનો ગુનો કરેલ. જે મતલબની

વિગતેની ફરિયાદ, ફરિયાદીનાઓ દ્વારા આપવામાં આવેલ છે. જે ફરીયાદના આધારે ગુન્હો દાખલ કરી, તપાસ કરનાર અધિકારીશ્રીએ તપાસ કરી, તપાસના અંતે જરુરી પુરાવો એકત્રિત કરી, આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવતા, હાલનુ ચાર્જશીટ નામ. કોર્ટ, ઉમરપાડા ખાતે રજુ કરેલ છે.

(૨) પોલીસ અહેવાલ રજુ થતાં, તેઓની સામેના ગુનાનું સંજ્ઞાન લઈ, આરોપીઓને સમન્સ કરવામાં આવેલ, જે અનુસંધાને આરોપીઓ અદાલતમાં ઉપસ્થિત થયેલ છે. ત્યારબાદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા–૨૩૦ અન્વયે આરોપીઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા–૧૯૩ મુજબના કાગળોની નકલો વિનામૂલ્યે મળી ગયાની ખાતરી કર્યા બાદ આરોપીઓને ગુના અંગેની સમજ આપી આંક–૦૪ થી તહોમતનામુ ફરમાવેલ તથા આંક–૦૫ તથા આંક–૦૬ લગત ગુન્હાઓ અંગેની પ્લી રેકર્ડ કરતાં, આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કરી ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની માંગણી કરેલ.

(૩) ફરીયાદપક્ષ, બચાવપક્ષ તથા કોર્ટ તરફે નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

**:: નમૂનો ક ::**

**–:: ફરીયાદ પક્ષ તર્ફેનો પુરાવો::–**

**મૌખિક પુરાવો :–**

| અનુ. નં. | વિગત |
|---|---|
| ૦૧ | આંક–૦૭ થી પંચસાહેદ નટવરભાઇ ખાલપાભાઇ વસાવાની જુબાની |
| ૦૨ | આંક–૧૧ થી પંચસાહેદ રમેશભાઇ ઉકડીયાભાઇ વસાવાની જુબાની |
| ૦૩ | આંક–૧૪ થી ફરિયાદી જાનકીબેન ભારજીભાઇ વસાવાની જુબાની |
| ૦૪ | આંક–૧૬ થી સાહેદ અનિતાબેન પ્રતાપભાઇ વસાવાની જુબાની |
| ૦૫ | આંક–૧૮ થી સાહેદ ઉત્તમભાઇ ભારજીભાઇ વસાવાની જુબાની |
| ૦૬ | આંક–૨૫ થી સાહેદ ડોકટર દિનેશભાઇ જશવંતભાઇ ચૌધરીની જુબાની |
| ૦૭ | આંક–૨૭ થી સાહેદ પિયુષભાઇ ગુલાબભાઇ વસાવાની જુબાની |

| | |
|---|---|
| ૦૮ | આંક–૩૧ થી તપાસ કરનાર અમલદાર કાળુભાઈ જોખનભાઈ પટેલીયાની જુબાની |

**દસ્તાવેજી પુરાવો :–**

| અનુ. નં. | વિગત |
|---|---|
| ૦૧ | આંક–૦૮ તથા આંક–૦૯ થી આરોપીઓની શરીર સ્થિતી / અટક કર્યાનું પંચનામું |
| ૦૨ | આંક–૧૦ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૦૩ | આંક–૧૫ અસલ ફરિયાદ |
| ૦૪ | આંક–૨૬ થી સારવાર સર્ટીફિકેટ |

**–:: બચાવ પક્ષ તરફે પુરાવો ::–**

(બી) બચાવપક્ષ તરફે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો :

| અનુ. નં. | વિગત |
|---|---|
| –– | –– |

**–:: કોર્ટ તરફે પુરાવો ::–**

(સી) કોર્ટ તરફથી મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો :

| અનુ. નં. | વિગત |
|---|---|
| –– | –– |

**મુદ્દામાલની વિગત :–**

| અનુ. નં. | વિગત |
|---|---|
| – | –– |

**–:: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા કલમ–૩૫૧ મુજબ આરોપીઓનું વધારાનું નિવેદન ::–**

(૪) ત્યારબાદ ફરીયાદ પક્ષ તર્ફે ઉપરોકત પુરાવા રજૂ કર્યા બાદ વિધ્વાન એ.પી.પી.શ્રી એસ.જે.વસાવા નાઓની મૌખિક વિનંતીથી ફરીયાદ પક્ષે પુરાવો બંધ

થયાનું જાહેર કરતાં આ કામ આરોપીના વધારાનાં નિવેદન માટે રાખી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા કલમ–૩૫૧ મુજબ આરોપીનું વધારાનું નિવેદન નોંધતા આરોપીએ ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવો ખોટો છે અને તેઓ કશું જાણતા નથી તેમ જણાવી તેઓએ સોગંધ ઉપર જુબાની આપવી નથી તેમજ બચાવનાં સાહેદો તપાસવા નથી તેમ જણાવી વિશેષ હકીકતમાં જણાવેલ છે કે, અમો આરોપી નિર્દોષ છીએ. ખોટી ફરીયાદ કરેલ છે. આથી સદર હકીકત રેકર્ડ કરી આરોપી તર્ફે પુરાવાઓ રજૂ કરવાનો હકક પૂર્ણ થયાનું જાહેર કરી હાલનું કામ બંને પક્ષની આખરી દલીલો ઉપર રાખી ઉભય પક્ષકારો તર્ફે કરવામાં આવેલ મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

**–:: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા કલમ–૩૫૨ મુજબ દલીલ ::–**

(૫) હાલના કામે કાર્યવાહીના પક્ષકારો તરફે તેમનો પુરાવો પૂર્ણ થયા બાદ સબબ કામ દલીલો કરવાના તબકકા ઉપર આવતાં ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી નાઓની તેમજ બચાવ પક્ષે વિ.વકીલશ્રી ની મૌખિક દલીલ સાંભળવામાં આવેલ.

(૬) આ કેસની ઉપરોકત હકીકતો, સંજોગો, રેકર્ડ પર રજુ કરવામાં આવેલ પુરાવો તથા સંલગ્ન કાયદાની જોગવાઈઓ, તેમજ ઉભય પક્ષની રજૂઆતો ઘ્યાને લેતાં, આ કેસના ન્યાય–નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :–

**–:: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા કલમ–૨૬૩ મુજબનું તહોમતનામું ::–**

**–:: મુદ્દાઓ ::–**

**( આરોપીઓ સામેનો ચાર્જ)**

(૧) શું ફરિયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર સાબિત કરે છે કે, તા.૧૮/૦૮/૨૦૨૪ ના રોજ કલાક ૦૮:૦૦ વાગેના સુમારે મોજે ઝરપણ ગામે ઉમરા ફળિયા ફરિયાદીના ઘરના પાછળ આવેલ વાડામાં આ કામના આરોપીઓ આવી ફરિયાદીને જણાવેલ કે ઉમરઝર ગામમાં આવેલી જમીનમાં અમારો પણ હિસ્સો છે તો અમોને પુછયા વગર તમો કેમ માટીનુ વેચાણ કરો છો તેમ કહેતા આરોપી રાહુલભાઈ એકદમ ઉશ્કેરાઈ ગયેલ અને ફરિયાદીને ગાલ ઉપર તથા પીઠના ભાગે ઢીકમુકકીનો માર મારવા લાગેલ અને આરોપીઓ

નાલાયક ગાળો આપવા લાગેલ અને હવે પછી જો જમીનમા ભાગ માગશો તો જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨)(૩), ૫૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્ધાઓના મારા મત મુજબ નિર્ણય તથા કારણો નીચે મુજબ છે.

**–: નિર્ણય :–**

મુદ્ધા નં.૧ નકારમાં.

મુદ્ધા નં.૨ આખરી હુકમ મુજબ.

**–: કારણો :–**

(૮) કોઈપણ ફોજદારી પ્રક્રીયાની શરૂઆત અને ટ્રાયલ ચલાવવામાં આવે છે ત્યારે સામાન્ય રીતે બે પ્રકારના અનુમાન સાથે ટ્રાયલ ચલાવવામાં આવતી હોય છે જેમાં આરોપીઓ ને ક્રિમીનલ જયુરીસપ્રુડન્સ મુજબ જયાં સુધી આરોપીઓની સામેનું આક્ષેપ કર્યા મુજબનું તહોમત પુરવાર ના થાય ત્યાં સુધી આરોપીઓએ સદર ગુન્હો ન કરેલ હોવાનું માની આરોપીઓએ કરેલ ગુન્હામાંથી તેઓ નિર્દોષ છે તેવું અનુમાન કરવામાં આવે છે અને આરોપીઓ વિરુદઘ કરવામાં આવતા આક્ષેપો નિશંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદ પક્ષની હોય છે, જે કોઈ પણ સમયે ઓછી થતી નથી. તેની સાથે સાથે જે સાહેદો કોર્ટમાં આવીને જુબાની આપતા હોય, તે કોર્ટમાં સાચું બોલતા હોય, તેવા અનુમાન સાથે ફોજદારી પ્રકરણમાં ન્યાયિક વિશ્લેષણ કરવાનું હોય છે. આપણી માનનીય સર્વોચ્ચ ન્યાયાલયે જુદા જુદા ચુકાદામાં પુરાવાનું વિશ્લેષણ કરવાનું માર્ગદર્શન આપેલ છે. લેખરાજ વિરૂદઘ હીમાચલ પ્રદેશ તેમજ અનીસીંગ વિરૂદઘ સ્ટેટ ઓફ યુ.પી. ના ચુકાદામાં માનનીય સર્વોચ્ચ અદાલતે આપણા દેશની ભૌગોલિક, આર્થિક, સામાજિક પરિસ્થિતિને અનુલક્ષીને સાહેદની જુબાનીનું વિશ્લેષણ કેવી રીતે કરવું જોઈએ તે બાબતે માર્ગદર્શન આપેલ છે અને તે માર્ગદર્શન આપતા માનનીય સર્વોચ્ચ અદાલતે એવી ટકોર કરેલ છે કે, એક અદાલતે બે પ્રકારની જવાબદારી

નિભાવવાની હોય છે. પ્રથમ પ્રકારની જવાબદારીમાં અદાલતે એ જોવાનું હોય છે કે, કોઈપણ નિર્દોષ માણસને સજા ન થાય પરંતુ તેની સાથે સાથે અદાલતે એ પણ જોવાનું હોય છે કે, એક ગુનેગાર તેણે કરેલ ગુનાહીત કૃત્યમાંથી છટકી જવો ન જોઈએ. સર્વોચ્ચ અદાલતે એવી પણ ટકોર કરેલી છે કે, જયારે સાહેદ કોર્ટમાં જુબાની આપતા હોય છે ત્યારે તેઓ સામાન્ય રીતે સબળ મનોબળ ધરાવતા હોતા નથી અને કાયદાની આંટીઘુંટીથી પરિચિત હોતા નથી, આવા સંજોગોમાં તેઓ ઘણી વખત પોતાની જુબાનીમાં વિરોધાભાસ, અસંગતતા અને અતિરેક પેદા કરતા હોય છે અને તેના કારણે જો ફરીયાદપક્ષના કેસ ઉપર કોઈ વિપરીત અસર પડતી ન હોય તો તે અસંગતતા, વિસંગતતા અને અતિરેક દરગુજર કરવા જોઈએ, પરંતુ આવા અતિરેક, વિસંગતતાના કારણે ફરીયાદ પક્ષના કેસના મૂળને અસરકર્તા હોય તો તેનો લાભ આરોપીઓને મળવો જોઈએ.

---

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા કલમ–૨૬૫ મુજબનો ફરીયાદ પક્ષનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો**

**–:: ઓકયુલર એવીડન્સ ::–**

---

(૯) આ કામે ફરીયાદ પક્ષ તર્ફે સાહેદોની સોગંઘ ઉપરની જુબાની અને તેઓની આરોપીઓ તર્ફેના વિ.વ.શ્રી દવારા લંબાણપૂર્વકની ઉલટતપાસ કરવામાં આવેલ છે અને આથી સદર સમગ્ર પુરાવો રેકર્ડ પર ઉપલબ્ધ હોવાથી તેઓની ચર્ચા અત્રે કરવામાં આવતી હોવાથી પુનરાવર્તન ટાળવાના હેતુ માત્રથી ફરીયાદી અને સાહેદોની સોગંઘ ઉપરની જુબાની અને ઉલટતપાસનું સંપૂર્ણ વર્ણન અત્રે કરવામાં આવેલ નથી.

(૯/૧) ફરિયાદપક્ષે આંક–૦૭ થી પંચસાહેદ નટવરભાઈ ખાલપાભાઈ વસાવા નાઓને તથા આંક–૧૧ થી પંચસાહેદ રમેશભાઈ ઉકડીયાભાઈ વસાવા નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, પોલીસે પો.સ્ટે. બોલાવી પંચનામામાં સહી કરાવેલ હતી. તેઓ આંક–૦૮ થી આંક–૧૦ સુધી રજૂ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે તે સિવાય પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી

ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતાં ફરિયાદપક્ષના કેસને મદદરૂપ કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

સદર સાહેદની બચાવપક્ષ તર્ફે વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસ સ્ટેશનમાં મેં તૈયાર પંચનામા પર સહીઓ કરેલી. તે સિવાય બીજુ કાંઈ જાણતો નથી.

(૯/૨) ફરિયાદપક્ષે આંક-૧૪ થી ફરિયાદી જાનકીબેન ભારજીભાઈ વસાવા નાઓને સોગંદ ઉપર તપાસમાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે,બનાવ આશરે છ મહિના પહેલા બનેલો. બનાવ સવારે ૮.૦૦ વાગે બનેલો. બનાવ મારા ઘર ઉમરા ફળીયું, જરપણ ગામે બનેલો. બનાવ સમયે હું મારા ઘરના વાડામા નીંદતી હતી. તે વખતે રાહુલ ચંદ્રસિંહભાઈએ મને ખભાના ભાગે હાથથી તથા લાકડીથી મારેલુ. બનાવ સમયે હું બુમો મારતી હતી તો તે મને વધારે મારતો હતો અને કહેતો હતો કે "તમે મારો વાડો માંગી લીધેલ છે." અને મને મારતો હતો અને તે મને મારી તેના ઘરે જતો રહેલ. ત્યાર બાદ મે આ મારામારી બાબતે પોલીસમા ફરિયાદ આપેલી. અસલ ફરિયાદમા ફરિયાદ આપનાર તરીકે મારા અંગુઠાનું નિશાન છે. જે આંક-૧૫ થી રજૂ છે. હું આરોપીઓને જોયેથી ઓળખું છું.

સદર સાહેદની બચાવપક્ષ તર્ફે વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓ મારા કુટુંબીઓ છે. મારી ફરિયાદમાં ખેતરની માટીનું વેચાણ કરેલ હોવાનું જણાવેલ છે તે ખેતરનો સર્વે નંબર લખાવેલ નથી. મારી ફરિયાદમા "આરોપીએ લાકડાથી મને મારેલ હોય" તેવી હકીકત ફરિયાદમા લખાવેલ નથી. હું સારવાર કરાવવા દવાખાને ગયેલ નથી. આરોપીઓ મારા કુટુંબીઓ હોય અને મારા ગામના હોય તેઓને હું સારી રીતે ઓળખું છું.

(૯/૩) ફરિયાદપક્ષે આંક-૧૬ થી સાહેદ અનિતાબેન પ્રતાપભાઈ વસાવા નાઓને સોગંદ ઉપર તપાસમાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે,બનાવ આશરે બે મહિના પહેલા બનેલો. બનાવ સવારે ૧૦.૦૦ વાગે બનેલો. બનાવ મોટુ ફળીયું, જરપણ ગામે મારી સાસુ જાનકીબેનના ઘરે બનેલો. બનાવના દિવસે અમારા ઘર અને આરોપીઓના ઘરની વચ્ચે વાસ રોંપેલા હોય. જે વાસ મારી સાસુના ઘર ઉપર આવતા હોય. જેથી વાસ કાપવા માટે મારી સાસુ રાહુલભાઈને કહેવા માટે ગયેલ. જેથી રાહુલભાઈ ઉશ્કેરાઈ જઈ મારી સાસુને માર મારેલો. જેથી મારા સાસુ જાનકીબેન ઝંખવાવ સરકારી દવાખાને સારવાર માટે ગયેલા. મારી સાસુએ ઝંખવાવ સારવાર લીધેલ. મને

બનાવની જાણ લોકો દ્વારા થયેલી. બનાવ બન્યાના થોડા સમય બાદ મારી સાસુ મારા ઘરે આવેલા. ત્યારે બનાવની જાણ મારા સાસુએ અમોને કરેલી.

સદર સાહેદની બચાવપક્ષ તર્ફે વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે હું મારા ઘરે હતી. બનાવ કેવી રીતે બનેલો તે મે જોયેલ નથી. બનાવ બાબતે પોલીસે ફક્ત મારૂ નામ-સરનામુ પુછેલું. પોલીસે મારો જવાબ જાતે લખી લીધેલો.

(૯/૪) ફરિયાદપક્ષે આંક-૧૮ થી સાહેદ ઉત્તમભાઇ ભારજીભાઇ વસાવા નાઓને સોગંદ ઉપર તપાસમાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે,બનાવ ગયા વર્ષે શિયાળામાં સવારના ૮:૦૦ વાગ્યે બનેલ હતો. બનાવ ઝરપણ ગામે મોટા ફળીયામાં દુધમંડળીમાં ઘરની પાસે બનેલ હતો. બનાવ વખતે જાનકીબેન ભારજીભાઈ અને ચંદ્રસિંગ રૂપજીભાઈનાઓના ઘરની વચ્ચે વાંસની વાડ બનાવેલ હતી તે પાસે ચંદસીંગભાઈએ ઝાડ વાવેલા હતા અને તેને જાનકીબેન બાજુ આવતા હોય, તે બાબતે તથા એક જમીન બાબતનુ મન દુ:ખ ચાલતુ હોય આ લોકોનો ઝગડો થયેલ હતો. જાનકીબેને વાડામાં કામ કરતા હતા તે સમયે રાહુલ ચંદ્રસીંગનાઓએ આવીને જાનકીબેનને લાકડીના સપાટા પીઠના ભાગે મારેલા હતા તથા તેઓના ગાલ ઉપર હાથથી મારેલ હતું. ત્યારબાદ જાનકીબેનને સારવાર માટે ઝંખવાવ દવાખાને લઈ ગયેલા હતા.ત્યારબાદ પો.સ્ટે. આવી ફરીયાદ આપેલી હતી. પોલીસે બાબતે મારી પુછપરછ કરેલી હતી. આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

સદર સાહેદની બચાવપક્ષ તર્ફે વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓ મારા કુટુંબના સભ્યો છે. બનાવ પહેલા જમીન બાબતની તકાર ચાલતી હતી. પોલીસે બનાવ બાબતે મારો જવાબ પો.સ્ટે. માં લીધેલ હતો. રાહુલભાઈએ જાનકીબેનને લાકડીથી સપાટા મારેલ હોય તેવુ પોલીસ રુબરુ જવાબમાં લખેલ નથી. મારા માતાને તે જ દિવસે સારવાર આપી રજા આપવામાં આવેલી હતી.

(૯/૫) ફરિયાદપક્ષે આંક-૨૫ થી સાહેદ ડોકટર દિનેશભાઇ જશવંતભાઇ ચૌધરી નાઓને સોગંદ ઉપર તપાસમાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તારીખ ૧૯/૦૮/૨૦૨૪ ના રોજ હું ઝંખવાવ સી.એસ.સી ખાતે મેડિકલ ઓફિસર તરીકે મારી ફરજ પર હાજર હતો તે વખતે સવારે ૧૦/૪૨ વાગ્યે દર્દીને નામે જાનકીબેન ભારજીભાઇ વસાવા ઉ. વ. ૮૦, રહે. ઝરપણ, તા. ઉમરપાડા, જિ. સુરતનાઓને

સારવાર માટે પોલીસ યાદી વગર સારવાર માટે સી.એસ.સી ઝંખવાવ ખાતે જાતે જ આવેલા. તેઓને હિસ્ટ્રી વિશે પુછતા તેઓએ જણાવેલ કે "જાનકીબેનને તા.૧૮/૦૮/૨૦૨૪ ના રોજ સવારે આઠ વાગે રાહુલભાઇ ચંદ્રસીંગભાઇ વસાવાનાઓએ લાકડીથી માર મારેલ છે." તેઓની બાહ્ય તપાસ કરતા નીચે મુજબનું ઈજાઓ માલુમ પડેલ. ઈજા નંબર ૧) જમણા હાથમાં નીચેના ભાગે લાલ તથા આસમાની કલરની જેનુ માપ ૩ x ૩ સે.મી.નું ચકામુ હતુ. ઈજા નંબર ૨) જમણી બાજુ પેટના ભાગે ચકામાની ઈજા હતી તેનું માપ ૪ x ૪ સે.મી. હતુ જે લાલ અને આસમાની કલરનું જણાય આવેલ. તેઓને પ્રાથમિક સારવાર મે આપેલી. ત્યારબાદ તેઓને રજા આપવામાં આવેલી. આ ઈજાઓ સામાન્ય પ્રકારની હતી. આ ઈજાઓ લાકડી કે બોથડ પદાર્થથી થઇ શકે તેવી હતી અને સામાન્ય રીતે સાત-દસ દિવસમાં સારી થઇ જાય તેવી હતી. મે દર્દીનું આપેલ સારવાર સર્ટિમાં માર હસ્તાક્ષરમાં છે તથા તેમા મારી સહી તથા હોદ્દાનો સિક્કો છે જે ઓળખી બતાવુ છું. અસલ સારવાસ સર્ટિ. આંક-૨૬ થી રજૂ છે.

સદર સાહેદની બચાવપક્ષ તર્ફે વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામના દર્દીને મે બહારના દર્દી તરીકે સારવાર આપેલી. દર્દી પોલીસ યાદી વગર આવેલા. દર્દી સારવાર માટે આવ્યા ત્યારે સભાન અવસ્થામાં હતા. ઈજાઓ સામાન્ય પ્રકારની હતી. આ પ્રકારની ઈજાઓ પડી જવાથી પણ થઇ શકે છે.

(૯/૬) ફરિયાદપક્ષે આંક-૨૭ થી સાહેદ પિયુષભાઇ ગુલાબભાઇ વસાવા નાઓને સોગંદ ઉપર તપાસમાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે,બનાવ ક્યાર, કઇ તારીખે, કટેલા સમય પહેલા બનેલો તેની મને ખબર નથી. બનાવ કેટલા વાગે અને કઇ જગ્યાએ તેમજ કોની વચ્ચે બનેલો તેની મને ખબર નથી. બનાવ શું બનેલો તેની મને ખબર નથી. હું ફરીયાદી તથા આરોપીઓને ઓળખું છું.

સદર સાહેદની બચાવપક્ષ તર્ફે વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ બાબતે મને કોઇ જાત માહીતી નથી.

(૯/૭) ફરિયાદપક્ષે આંક-૩૧ થી તપાસ કરનાર અમલદાર કાળુભાઇ જોખનભાઇ પટેલીયા નાઓને સોગંદ ઉપર તપાસમાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૧૯/૦૮/૨૦૨૪ ઉમરપાડા પો.સ્ટે.માં એ.એસ.આઇ. તરીકે મારી ફરજ પર હાજર હતો તે વખતે ઉમરપાડા પો.સ્ટે. પાર્ટ એ. ગુના. રજી.નં.૦૩૪૭/૨૦૨૪,

બી.એન.એસ. કલમ−૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ મુજબનો ગુનાનો પો.સ્ટે. અમલદારનાઓએ દાખલ કરી આગળની તપાસ અમોને સોપતા તે સંભાળી લઇ અમોએ તપાસના કામે મળેલ ફરીયાદ વંચાણે લઈ ગુનાવાળી જગ્યાનું પંચનામુ બે પંચોની હાજરી મા કરેલું. મને આંક−૮ વાળુ અસલ પંચનામુ બતવવામા આવે છે તે જોઈને કહુ છુ તેમા પંચોની તથા રુબરુમા મારી સહી છે જે ઓળખી બતાઉં છું. ત્યારબાદ મે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. ત્યારબાદ ઈજા પામનાર નું સારવાર સર્ટિ. ઉમરપાડા સી.એચ.સી થી મેળવી તપાસના કામે સામેલ રાખેલ. ત્યારબાદ આરોપીઓની અટક કરી તેઓનુ શરીર સ્થિતીનુ પંચનામુ બે પંચોની હાજરીમાં કરેલુ મને આંક−૦૯ અને આંક−૧૦ વાળુ અસલ પંચનામું બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે તેમા પંચોની તથા રૂબરૂ તરીકે મારી સહી છે. જે ઓળખી બતાઉં છું. ત્યારબાદ આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો પડતા આરોપીઓ સામે ચાર્જશીટ કરી નામદાર કોર્ટમાં રજુ કરેલ. આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

સદર સાહેદની બચાવપક્ષ તર્ફે વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યાએ રહેણાકના મકાનો આવેલા છે.

---

**:: ભારતિય સાક્ષ્ય અધિનિયમ – ૨ મુજબ રેકર્ડ પર આવેલ પુરાવાનું મૂલ્યાંકન ::**

---

(૧૦) આમ, ઉપરોકત મુજબનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે. ફરીયાદ પક્ષે રજૂ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન કરતાં, આ કામના આરોપીઓ સામે હાલનો કેસ ફોજદારી કેસ છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રનો એક પ્રાથમિક સિધ્ધાંત એ છે કે, આરોપીઓ સામેનો ગુનો ફરિયાદપક્ષે નિશંકપણે પુરવાર કરવો જોઈએ અને જયાં સુધી ફરિયાદ પક્ષ આરોપીઓ સામેનો કેસ શંકાથી પર સાબિત ન કરે ત્યાં સુધી આરોપીઓ નિર્દોષ છે તેવું અનુમાન કોર્ટે કરવું જોઈએ. હાલના આ કેસ સંબંધિત ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન કરતાં પહેલા પુરાવાના મૂલ્યાંકન શબ્દની અસરકારક કાનૂની છણાવટ કરતાં ''પુરાવાનું મૂલ્યાંકન શબ્દ પ્રયોગ કયાંય વ્યાખ્યાબધ્ધ કરવામાં આવ્યો નથી. એ માટે કોઈ પણ કાનુની સમપ્રિત નિયમો નથી. કારણ કે પુરાવાનું મૂલ્યાંકન એક ભાવાત્મક પ્રકિયા છે. આ શબ્દ આ અધિનિયમ ન હોવા છતાં પણ વ્યવહારીક રીતે પ્રચલીત છે. જયારે પુરાવાના મૂલ્યાંકન વિશે ચર્ચા

કરવામાં આવે ત્યારે આ અધિનિયમની કલમ– ૨ એટલે આ કલમનો ભાગ સમજવામાં આવે છે. કારણ કે, સાબીત તથા નાસાબીત શબ્દો વ્યાખ્યાબધ્ધ કરવામાં આવ્યા છે. કોઈ હકિકતનું અસ્તીત્વ કે બીનઅસ્તીત્વ સાબિત માનવું તે મૂલ્યાંકનનો ભાગ છે. આમ, પુરાવાના મૂલ્યાંકન સંબંધીત કાનુની જોગવાઈ લક્ષમાં લેતાં, આરોપીઓ સામેનો આક્ષેપિત ગુનો ફરીયાદ પક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા ધ્વારા સાબિત થયેલ હોય તો આરોપીઓના ગુનાહિત કૃત્યો બદલ કસુરવાન ઠેરવી શકાય. અગર આરોપીઓ સામેનો આક્ષેપિત ગુનો ફરીયાદ પક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા ધ્વારા સાબીત થયેલ ન હોય તો આરોપીઓને કસૂરવાન ઠેરવી શકાય નહિં. આમ, ફરીયાદપક્ષના પુરાવાથી આક્ષેપિત ગુનો સાબીત કરે નાસાબીત થયેલાની પ્રક્રિ યાએ પુરાવાનું મૂલ્યાંકનનો ભાગ છે. ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહે છે. ફરીયાદપક્ષે પોતાની હકિકતો શંકાથી પર રહી સાબીત કરવાની હોય છે. ફોજદારી કાર્યવાહીના તમામ તબકકે પુરાવાનો બોજો કયારેય આરોપીઓ ઉપર ખસતો નથી. ફરિયાદપક્ષે માત્ર સંભવીતતા જ દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપીઓ પરનું તહોમત નિશંકપણે વ્યાજબી શંકાથી પર પુરવાર કરવાનું રહે છે.

**<u>રેકર્ડ પરના પુરાવાનું સમગ્રતયા મુલ્યાંકન :–</u>**

**<u>મુદ્દા નંબર–૦૧ તથા ૦૨ ની સંયુકત ચર્ચા :–</u>**

(૧૧) સદરહુ કામે આરોપીઓની સીધી સંડોવણી પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષ પર રહેલ છે. ફરિયાદપક્ષે આંક– ૧૪ થી ફરિયાદી જાનકીબેન ભારજીભાઈ વસાવાનાઓને તપાસેલ છે. તેઓ ધ્વારા તેમની સરતપાસમાં તેઓ તેમના ઘરના વાડામાં નીદંતી હતી ત્યારે આરોપી રાહુલ ચંદ્રસિંહ નાએ તેઓને ખભાના ભાગે હાથથી તથા **લાકડીથી** મારેલું, સદર ફરિયાદીએ આપેલ ફરિયાદ વંચાણે લેતાં, ''આ રાહુલભાઈ ચંદ્રસિંગભાઈ વસાવા નાનો એકદમ ઉશ્કેરાઈ ગયેલ અને ગાલ ઉપર તથા પીઠના ભાગે ઢીકમુકકીનો માર મારવા લાગેલ.'' આમ, સદર ફરિયાદીની સરતપાસ તથા આંક–૧૫ થી રજૂ ફરિયાદમાં આરોપીએ ફરિયાદીને શરીરના કયા ભાગે ઈજા કરેલ તે અંગે વિરોધાભાષી હકીકત રેકર્ડ પર આવેલ છે અને આરોપીએ ફરિયાદીને લાકડીથી મારેલ હોવાની હકીકત ફરિયાદી ધ્વારા જણાવેલ છે, જયારે સદર લાકડીથી મારેલ હોવાની

હકીકત તેઓની ફરિયાદમાં જણાવેલ નથી. જેથી ફરિયાદી ધ્વારા તેઓની સરતપાસમાં વધારાની તથા વિરોધાભાષી હકીકત રેકર્ડ પર આવેલ છે. વધુમાં ફરિયાદીએ સરતપાસમાં આરોપી ફરિયાદીને મારતો હતો અને 'તમે મારો વાડો માંગી લીધેલ છે' તેમ જણાવેલ છે, જયારે આંક-૧૫ થી ફરિયાદમાં બનાવનું કારણ આરોપીઓએ તેઓને પુછયા વગર ઉમરઝર ગામે આવેલ જમીનમાંથી માટીનુ વેચાણ કરી દિધેલ હોવાનું જણાવેલ છે. આમ, બનાવ અંગેના કારણમાં પણ વિરોધાભાષી હકીકત રેકર્ડ પર આવે  છે. વધુમાં ફરિયાદી ધ્વારા બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, હું સારવાર કરાવવા દવાખાને ગયેલ નથી. સબબ કામેનું રેકર્ડ ધ્યાને લેતાં ફરિયાદપક્ષે આંક-૨૬ થી ફરિયાદીનું સારવાર સર્ટીફિકેટ રજૂ રાખેલ છે. જે વંચાણે લેતાં ફરિયાદીએ તા.૧૮/૦૮/૨૦૨૪ ના રોજના બનાવમાં તેઓને ઈજા થયેલ હોવાની હિસ્ટ્રી આપેલ છે. આમ, સદર ફરિયાદીએ આપેલ પુરાવો કોજન્ટ, રીલાયેબલ અને સ્ટર્લીંગ કવોલીટીનો જણાઈ આવતો ન હોય, સદર ફરિયાદીના એકમાત્ર પુરાવાના આધારે આરોપીને કસુરવાન ઠરાવી શકાય નહી.

(૧૨) વધુમાં ફરિયાદપક્ષે આંક-૧૬ થી સાહેદ અનીતાબેન પ્રતાપભાઈ વસાવા નાઓને તપાસેલ છે. સદર સાહેદ ધ્વારા આરોપી રાહુલભાઈએ ફરિયાદીને માર મારેલ હોવાનું અને સદર બનાવની જાણ તેઓને લોકો ધ્વારા થયેલ હોવાનું જણાવેલ છે. આમ, સદર સાહેદનો પુરાવો હિયરસે સ્વરૂપનો થઈ રહે છે અને બનાવમાં શુ બનેલ તથા આરોપીનો રોલ શુ હતો તે અંગે તેઓ કાંઈ જણાવી શકે તેમ નથી. જેથી સદર સાહેદનો પુરાવો ફરિયાદપક્ષને મદદરૂપ થઈ શકે તેમ નથી. વધુમાં ફરિયાદપક્ષે આંક-૧૮ થી સાહેદ ઉત્તમભાઈ ભારજીભાઈ વસાવા નાઓને તપાસેલ છે. તેઓ ધ્વારા પણ તેઓની સરતપાસમાં આરોપી રાહુલભાઈએ  ફરિયાદીને લાકડીના સપાટા પીઠના ભાગે મારેલ હતા અને ગાલ ઉપર હાથથી મારેલ હોવાનું જણાવેલ છે. સદર સાહેદ ધ્વારા આરોપીએ લાકડી વડે ફરિયાદીને માર મારેલ હોવાનું જણાવેલ છે, જયારે આંક-૧૫ ની ફરિયાદમાં તથા સાહેદનું તપાસ કરનાર અમલદાર રૂબરૂના નિવેદનમાં સદર બનાવમાં લાકડી વડે આરોપીએ ફરિયાદીને માર મારેલ હોય તેવી કોઈ હકીકત જણાવેલ નથી.

જેથી પ્રથમાવર સદર હકીકત કોર્ટ રૂબરૂ જણાવેલ છે. વધુમાં સદર સાહેદ ધ્વારા સરતપાસમાં બનાવ બનાવનું કારણ વાંસનું ઝાડ ફરિયાદી બાજુ આવતા તે બાબતે તથા જમીન બાબતનુ મનદુ:ખ ચાલતુ હોય તેમ જણાવેલ છે, પરંતુ સદર સાહેદ ધ્વારા તેઓએ તપાસ કરનાર અમલદાર રૂબરૂના નિવેદનમાં માટી વેચાણ કરવાનુ કારણ જણાવેલ છે. આમ, સદર સાહેદના પુરાવામાં પણ વધારાની તથા વિરોધાભાષી હકીકત રેકર્ડ પર આવતી હોય, સદર સાહેદનો પુરાવો ફરિયાદપક્ષને મદદરૂપ થઈ શકે તેમ નથી.

(૧૩) વધુમાં ફરિયાદપક્ષે આંક–૦૮ થી આંક–૧૦ સુધીના પંચનામા અનુસંધાને પંચોને તપાસેલા છે, પરંતુ પંચસાહેદો પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ ન હોય, સદર પંચસાહેદોનો પુરાવો પણ ફરિયાદપક્ષને મદદરૂપ થઈ શકે તેમ નથી. વધુમાં આંક–૨૭ થી સાહેદ પિયુષભાઈ વસાવા નાઓને તપાસેલ છે. તેઓ ધ્વારા બનાવ અંગે કોઈ હકીકત જાણતા નહી હોવાનું જણાવેલ હોઈ તેઓને વિમુખ સાહેદ જાહેર કરેલ હોવા છતાં ફરીયાદપક્ષને મદદરૂપ થઈ શકે તેવો પુરાવો રેકર્ડ પર ફરીયાદપક્ષ લાવી શકેલ નથી. આમ, સદર સાહેદનો પુરાવો પણ ફરિયાદપક્ષને મદદરૂપ થઈ શકે તેમ નથી.

(૧૪) વધુમાં ફરિયાદપક્ષે આંક–૨૫ થી ડોકટર દિનેશભાઈ જશવંતભાઈ ચૌધરી નાઓને તપાસેલ છે. તેઓ ધ્વારા તા.૧૯/૦૮/૨૦૨૪ ના રોજ સવારે ૧૦:૪૨ કલાકે ફરિયાદી સારવાર માટે આવેલ હતા. સદર ડોકટર સાહેદે સરતપાસમાં ઈજા જમણા હાથમાં નીચેના ભાગે તથા જમણી બાજુ પેટના ભાગે હોવાનું જણાવેલ છે. હાલના કામેની ફરિયાદ વંચાણે લેતાં ફરિયાદી ધ્વારા તેઓને આરોપીએ પીઠના ભાગે, ગાલના ભાગે ઈજા કરેલ હોવાનું જણાવેલ હતું. આમ, સદર ફરિયાદીની ફરિયાદ તથા સદર ડોકટર સાહેદે આપેલ સારવાર અંગે વિરોધાભાષી હકીકત રેકર્ડ પર આવેલ છે. વધુમાં સદર ફરિયાદીએ બનાવ બન્યાના આશરે એક દિવસ બાદ સારવાર લેવા ગયેલ છે, જેથી મોડી સારવાર લેવા અંગેનુ કોઈ સ્પષ્ટ કારણ તેઓએ ફરીયાદમાં કે કોર્ટ સમક્ષ જણાવેલ નથી.

(૧૫) વધુમાં તપાસ કરનાર અમલદાર ધ્વારા તેઓએ કરેલ તપાસ અનુસંધાનેની હકીકત જણાવેલ છે. પરંતુ ઉપરોકત કરેલ ચર્ચા મુજબ ફરિયાદી / ઈજાપામનાર સાહેદ તથા અન્ય સાહેદો ધ્વારા આંક–૧૫ થી રજૂ ફરિયાદ હકીકતથી વિરોધાભાષી તથા વધારાની હકીકત જણાવેલ છે. જેથી એકમાત્ર તપાસ કરનાર અમલદારના પુરાવા પર આધાર રાખી આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી. આમ, ફરિયાદપક્ષ આંક–૧૫ થી રજૂ ફરિયાદના કથનો સાહેદના પુરાવાથી સાબિત કરવામાં નિષ્ફળ રહેલ છે અને તેથી તપાસવામાં આવેલ સાહેદના પુરાવાથી આરોપીઓની ગુનાના કામે સંડોવણી રેકર્ડ પર જણાઈ આવેલ નથી. વધુમાં ફરિયાદી ધ્વારા સદર ફરિયાદ એક દિવસ મોડી આપવા સંબંધે કોઈ હકીકત જણાવેલ નથી, જેથી ફરિયાદ મોડી આપવુ તે ફરિયાદપક્ષ માટે ઘાતક છે તેમ અત્રેની અદાલતનું માનવુ છે. સદર કામે આરોપીઓના વિ.વ.શ્રી, દ્વારા દલીલ કરી એવો બચાવ લીધેલ છે કે હાલની ફરીયાદ એક દિવસના વિલંબ બાદ આપવામાં આવેલી છે જે ફરીયાદી તેમજ તેમના સંબંધીઓ દ્વારા આરોપીની પત્નિએ આપેલ ફરીયાદની સામે ક્રોસ ફરીયાદ આપેલી છે તેમજ સદર વિલંબ બાબતે ફરીયાદી/ઈજા પામનારનાઓએ કોઇ કારણો જણાવેલ નથી. આ સંબંધે નામદાર સર્વોચ્ચ અદાલતના નીચે મુજબના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લેવા યોગ્ય છે.

**2023 (0) AIJEL-SC 72825**

**SUPREME COURT OF INDIA**

**(FROM - MADRAS HIGH COURT)**

**Hon'ble Judges: B.R.Gavai, Dipankar Datta, Aravind Kumar**

**Sekaran Versus State Of Tamil Nadu**

"11. We start with the FIR, to which exception has been taken by the appellant urging that there has been no satisfactory explanation for its belated registration. It is trite that merely because there is some delay in lodging an FIR, the same by itself and without anything more ought not to weigh in the mind of the courts in all cases as fatal for the prosecution. A realistic and pragmatic approach has to be adopted, keeping in mind the peculiarities of each particular case, to assess whether the unexplained delay in lodging the FIR is an afterthought to give a coloured version of the incident, which is sufficient to corrode the credibility of the prosecution version. In cases where delay occurs,

it has to be tested on the anvil of other attending circumstances. If on an overall consideration of all relevant circumstances it appears to the court that the delay in lodging the FIR has been explained, mere delay cannot be sufficient to disbelieve the prosecution case; however, if the delay is not satisfactorily explained and it appears to the court that cause for the delay had been necessitated to frame anyone as an accused, there is no reason as to why the delay should not be considered as fatal forming part of several factors to vitiate the conviction.

15. Moving on to the oral testimony of the witnesses, what we have to bear in mind is section 134 of the Indian Evidence Act, 1872 ("Evidence Act", hereafter) and the categorization of oral testimony into witnesses who are (i) wholly reliable; (ii) wholly unreliable; and (iii) neither wholly reliable nor wholly unreliable. It is not the quantity but the quality of evidence that would matter."

આમ, આ કામના ફરીયાદીનાઓએ હાલની ફરીયાદ મોડી શા કારણોથી આપેલ તે બાબતે કોઇ વાજબી ખુલાસો કરેલ નથી. ત્યારે આ બાબતે ફરીયાદપક્ષના કેસમાં વાજબી શંકા ઉત્પન્ન કરે છે ત્યારે આ કામે ફરીયાદીને કયા કારણોસર હાલની ફરીયાદ મોડી આપેલ છે તેનો ખુલાસો કરેલ નથી જે હકીકત રેકર્ડ પર હોય ફરીયાદપક્ષના કેસને નુકશાનકર્તા છે. સામાન્ય રીતે ફરીયાદ વિલંબથી આપવી તેટલા માત્રથી ફરીયાદપક્ષનો કેસ ફેટલ થઇ જતો નથી પરંતુ વિલંબથી આપવા માટેનું યોગ્ય કારણ કે ખુલાસો મહત્વનો છે જે આ કામે કેસનું રેકર્ડ જોતાં જણાઇ આવતુ નથી.

આમ, ઉપરોક્ત રજૂ પુરાવાનું મુલ્યાંકન કરતા ફરીયાદી/ઈજા પામનારનો પુરાવો cogent, worthy and sterling quality " નો જણાઇ આવતો નથી. જેથી પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત મુજબ અન્ય સમર્થનકારી પુરાવો જરૂરી બની રહે છે. હાથપરના કેસમાં તપાસાયેલ ઉપર ચર્ચા કરી તે મુજબ બધા જ સાહેદો ફરીયાદીના સગા-સંબંધી હોવાનું જણાય આવે છે તેમજ માત્ર ફરીયાદીના સગા સંબંધી હોવા માત્રથી તેઓનો પુરાવો ડીસ્કાર્ડ કરી શકાય નહી પરંતુ હાલના કામે પુરાવો જોતાં ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધ તહોમત શંકાથી પર સાબિત કરી શકેલ નથી. જેથી ઉપરોક્ત ચર્ચા કરેલ કાયદાની પરિસ્થિતિ, ચર્ચેલ ચુકાદાના માર્ગદર્શક સિંધ્ધાતો તથા હાલના કામે રજૂ થયેલ ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા આરોપી સામેના આક્ષેપિત બી.એન.એસની કલમ-૧૧૫(૨) સાથે ૫૪ વંચાણે લેતા મુજબના ગુનાનું તહોમત નિશંકપણે પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ હોઇ, સદર આરોપીઓને બી.એન.એસની કલમ-૧૧૫(૨) સાથે ૫૪ વંચાણે લેતા મુજબના

ગુનામાં તકસીરવાન ઠરાવી શકાય નહી.

(૧૫) આમ, હાથ ઉપરના કેસમાં આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા કલમ – ૩૫૨ મુજબનો આક્ષેપ ધ્યાને લેવામાં આવે તો, આરોપીઓએ ઈરાદાપુર્વકનુ ફરીયાદીનું અપમાન કરીને તેને એવા ઉશ્કેરાટનુ કારણ આપેલ હોય જેથી ઉશ્કેરાઈ જઈ તે વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરે અથવા ગુનો કરી બેસે તેનો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. જેથી ભારતીય ન્યાય સંહિતા કલમ – ૩૫૨ મુજબના ગુન્હાના તત્વો મુજબનો પુરાવો ફરીયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. જેથી આરોપીઓને ભારતીય ન્યાય સંહિતા કલમ – ૩૫૨ મુજબના આક્ષેપિત ગુનામાં દોષિત ઠરાવી શકાય નહી.

(૧૬) વધુમાં, આ કામે આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા કલમ – ૩૫૧(૨)(૩) મુજબનો આક્ષેપ કરવામાં આવેલ છે, પરંતુ આરોપીઓની ધમકીથી ફરીયાદીને આરોપીઓથી ડર હોય કે ભય હોય અને તેના લીધે તેમનુ જીવવુ દુશ્કર થઇ ગયેલ હોય અને સતત તેમને ભયના આરોપીઓની નીચે જીવવુ પડતું હોય તેવો કોઇ પુરાવો ફરિયાદીએ રજુ રાખેલ નથી. વધુમાં, ફરીયાદીશ્રીની આંક–૧૪ ની અદાલત સમક્ષના પુરાવામાં આરોપીઓએ કોઇ ધાક–ધમકી આપી હોઇ તેવો લેશમાત્ર પુરાવો આપેલ નથી. આમ, હાલના તબકકે નામ. સર્વોચ્ચ અદાલતનો મોહમ્મદ વાજીદ અને અન્ય વિરૂધ્ધ સ્ટેટ ઓફ યુ.પી. 2023 LiveLaw (SC) 624 : 2023 INSC 683 નો ચુકાદામાં પેરા નં.૨૫ થી ૨૭ ધ્યાને લેવા યોગ્ય જણાય છે જે નીચે મુજબ છે:

" 25. Section 504 of the IPC contemplates intentionally insulting a person and thereby provoking such person insulted to breach the peace or intentionally insulting a person knowing it to be likely that the person insulted may be provoked so as to cause a breach of the public peace or to commit any other offence. Mere abuse may not come within the purview of the section. But, the words of abuse in a particular case might amount to an intentional insult provoking the person insulted to commit a breach of the public peace or to commit any other offence. If abusive language is used intentionally and is of such a nature as would in the ordinary course of events lead the person insulted

to break the peace or to commit an offence under the law, the case is not taken away from the purview of the Section merely because the insulted person did not actually break the peace or commit any offence having exercised selfcontrol or having been subjected to abject terror by the offender. In judging whether particular abusive language is attracted by Section 504, IPC, the court has to find out what, in the ordinary circumstances, would be the effect of the abusive language used and not what the complainant actually did as a result of his peculiar idiosyncrasy or cool temperament or sense of discipline. It is the ordinary general nature of the abusive language that is the test for considering whether the abusive language is an intentional insult likely to provoke the person insulted to commit a breach of the peace and not the particular conduct or temperament of the complainant.

26. Mere abuse, discourtesy, rudeness or insolence, may not amount to an intentionalinsult within the meaning of Section 504, IPC if it does not have the necessary element of being likely to incite the person insulted to commit a breach of the peace of an offence and the other element of the accused intending to provoke the person insulted to commit a breach of the peace or knowing that the person insulted is likely to commit a breach of the peace. Each case of abusive language shall have to be decided in the light of the facts and circumstances of that case and there cannot be a general proposition that no one commits an offence under Section 504, IPC if he merely uses abusive language against the complainant. In King Emperor v. Chunnibhai Dayabhai, (1902) 4 Bom LR 78, a Division Bench of the Bombay High Court pointed out that:-

“To constitute an offence under Section 504, I.P.C. it is sufficient if the insult is of a kind calculated to cause the other party to lose his temper and say or do something violent. Public peace can be broken by angry words as well as deeds.”

(Emphasis supplied)

27. A bare perusal of Section 506 of the IPC makes it clear that a part of it relates to criminal intimidation. Before an offence of criminal intimidation is made out, it must beestablished that the accused had an intention to cause

alarm to the complainant. "

આમ, ઉકત ચુકાદામાં ઠરાવેલ છે કે જે વ્યકિતને આવી ધમકી આપવામાં આવેલ હોય તે વ્યકિત આઘાતમાં આવી ગયેલ હોય અને આવા આઘાતથી ભયભીત થઈ રોજ બરોજનુ કાર્ય કરવા અસક્ષમ થયેલ હોય તેવો પુરાવો રેકર્ડ પર આવવો જોઈએ. જો આવો પુરાવો ફરીયાદપક્ષ અદાલતના રેકર્ડ પર લઈ આવવામાં અસફળ રહેલ હોય તો કલમ–૫૦૬(૨) ( ભારતીય ન્યાય સંહિતા કલમ – ૩૫૧(૨)(૩)) નો ગુન્હો પુરવાર થયેલો ન ગણાય. હાથ પરના કિસ્સામાં પણ ફરીયાદી તેમજ સાહેદોની સોગંદ પરની જુબાનીનું મુલ્યાંકન કરવામાં આવે તો આવો કોઈ પુરાવો રેકર્ડ પર રજુ કરેલ નથી કે પુરવાર કરેલ નથી. જેથી ભારતીય ન્યાય સંહિતા કલમ – ૩૫૧(૨)(૩) ના તત્વો પણ પુરવાર થઈ શકતા નથી. જેથી આરોપીઓ સામેના ભારતીય ન્યાય સંહિતા કલમ – ૩૫૧(૨)(૩) મુજબના ગુન્હાને પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નીવડેલ હોઈ, આરોપીઓને સદર કલમ હેઠળ દોષિત ઠરાવી શકાય નહી.

**<u>ઉપસંહાર :–</u>**

**(૧૭)** આમ, આ કામે રેકર્ડ પરના સમગ્ર પુરાવાઆનું બારીકાઇ થી મૂલ્યાંકન કરવામાં આવે તો ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧, ૧૦૨ મુજબ પોતાનો કેસ શંકાથી પર સાબિત કરવાનો હોય છે. જે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા તેમજ સમગ્ર રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો, તા.૧૮/૦૮/૨૦૨૪ ના રોજ કલાક ૦૮:૦૦ વાગેના સુમારે મોજે ઝરપણ ગામે ઉમરા ફળિયા ફરિયાદીના ઘરના પાછળ આવેલ વાડામાં આ કામના આરોપીઓ આવી ફરિયાદીને જણાવેલ કે ઉમરઝર ગામમાં આવેલી જમીનમાં અમારો પણ હિસ્સો છે તો અમોને પુછયા વગર તમો કેમ માટીનુ વેચાણ કરો છો તેમ કહેતા આરોપી રાહુલભાઈ એકદમ ઉશ્કેરાઈ ગયેલ અને ફરિયાદીને ગાલ ઉપર તથા પીઠના ભાગે ઢીકમુકકીનો માર મારવા લાગેલ અને આરોપીઓ નાલાયક ગાળો આપવા લાગેલ અને હવે પછી જો જમીનમા ભાગ માગશો તો જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરેલ હોય તેવી ફરીયાદ હકીકતને ફરીયાદપક્ષ નિશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ **મુદ્દા નં.૦૧ નો નિર્ણય નકારમાં** આપી **મુદ્દા નં.૦૨** પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– : આખરી હુકમ : –**

૧. આ કામના આરોપી નં.(૧) રાહુલભાઈ ચંદ્રસિંગભાઈ વસાવા, રહે. ઝરપણ ગામ, આંબલી ફળિયું, તા.ઉમરપાડા, જિ.સુરત, નં.(૨) ચંદ્રસિંગભાઈ રૂપજીભાઈ વસાવા, રહે. ઝરપણ ગામ, આંબલી ફળિયું, તા.ઉમરપાડા, જિ.સુરત નાઓને તેઓની સામેના ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨)(૩), ૫૪ મુજબના ગુન્હામાંથી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ – ૨૭૧(૧) અન્વયે ગુન્હા સબબ શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૪૮૧ અન્વયે આરોપીઓએ રૂા. ૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) ના સધ્ધર જામીન અપીલ પીરીયડ સુધીના રજૂ રાખવા.

હુકમ આજરોજ તા.૦૯મી, માહે માર્ચ, સને–૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૦૯/૦૩/૨૦૨૬
સ્થળ:ઉમરપાડા, જિ.સુરત

( વિપુલભાઈ નાગરભાઈ પટેલ )
જ્યુડી. મેજિ. ફર્સ્ટ કલાસ,
ઉમરપાડા, જિ.સુરત ( જીજે૦૧૭૬૬ )